ગાંધીનગર સમાચાર

## ડાયરેક્ટ ❤ સે

હિસાબનો મહિનો છે
એટલે સુખ-દુખનો હિસાબ
ગણાવી દઉં...
જેણે સુખ આપ્યું
એને ભગવાન
ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે
સુખ પાછું આપે
અને જેણે દુખ આપ્યું
એનાં દુખમાં
ભગવાન સબસિડી આપે.

## જન્મદિને વધામણી



રૂદ્ર મીતેષ મોદી
મો. ૮૪૦૧૮ ૬૩૨૨૯

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન - ૧**
બાગી - ૨
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન - ૩**
૨.૦૦, ૪.૩૦
૭.૦૦, ૯.૩૦

**સ્ક્રીન - ૪**
હેટ સ્ટોરી - ૪
૧૨.૪૫, ૬.૪૫
ગુજ્જુભાઈ મોસ્ટ વૉન્ટેડ
(ગુજરાતી)
૩.૩૦, ૯.૩૦

**સ્ક્રીન - ૫**
રેઈડ
૧.૦૦, ૪.૦૦
૭.૦૦, ૧૦.૦૦

## જલારામ મંદિર ખાતે સુંદરકાંડના પાઠનું આયોજન

તા.૩૧-૦૩-૨૦૧૮ ચૈત્ર સુદ પૂનમને શનિવારના રોજ શ્રી હનુમાન જયંતિ અંતર્ગત શ્રી જલારામ ધામ, સેક્ટર-૨૯ ખાતે સાંજે ૭.૩૦ કલાકે સુંદરકાંડના પાઠનું આયોજન કરવામાં આવેલ છે તો ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને આ કાર્યક્રમમાં લાભ લેવા સંસ્થા વતી હાર્દિક નિમંત્રણ છે.

# એસ જી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાનું ગૌરવ




IIT પાલજ ખાતે IIT દ્વારા યોજાયેલ FICE-IITE SCHOOL PROGRAMમાં ગાંધીનગર જીલ્લાની પાંચ શાળાઓએ અલગ-અલગ વિષય પર પ્રોજેક્ટ રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં એસ.જી.અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ બીજો નંબર મેળવીને શાળાનું ગૌરવ વધાર્યું હતું. વિજેતા વિદ્યાર્થીઓને IIT દ્વારા બાળકોને ગીફ્ટ આપીને બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.આ કાર્યક્રમમાં શાળાના શિક્ષિકા સોનાલી મેડમ બાળકોની સાથે ગયા હતા. શાળા પરિવાર તેમજ આચાર્યા મિલી મેડમે વિજેતા બાળકોને અભિનંદન આપ્યા હતા.

# સૅ. ૨૯/૧ સરકારી પ્રાથમિક શાળામાં વાર્ષિકોત્સવ અને વિદાય સમારંભ



ગાંધીનગરની સરકારી પ્રાથમિક શાળા સેક્ટર-૨૯/૧માં વાર્ષિકોત્સવ અને ધો-૮ના વિદ્યાર્થીઓના વિદાય સમારંભના કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી. જેમાં ૧ થી ૮ના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાળાના SMCના સભ્યો અને વાલીગણ ઉપસ્થિત હતા. આ પ્રસંગેને સફળ બનાવવાં માટે રશ્મિબેન આનંદ અને શિક્ષકગણે પ્રસંશનીય પ્રયત્ન કર્યો. શાળાની પ્રવૃતિઓથી વાલીઓને વાકેફ કરવામાં આવ્યા તેમજ વિદાય લેતા બાળકોને દેશના સારા નાગરિક બનવા હિમાયત કરાઈ હતી.

# ગાંધીનગરના યુવા કલાકાર દ્વારા બે નવી શૉર્ટ ફિલ્મ







ગાંધીનગર, તા. ૩૦

'ફ્રી ફૉલ ઍન્ટરટેઈનમૅન્ટ'ના બૅનર તળે ગાંધીનગરના યુવા કલાકાર સાબિર મલેક દ્વારા વધુ બે શૉર્ટ ફિલ્મ્સનું નિર્માણ કરવામાં આવ્યું છે. બંને ફિલ્મો યુટ્યુબ પર ધૂમ મચાવી રહી છે. ઉલ્લેખનીય છે કે થોડા દિવસ અગાઉ સાબિર મલેક દ્વારા નિર્મિત શૉર્ટ ફિલ્મ 'એક દિવસ'ના સમાચાર અહીં જ પ્રકાશિત કરવામાં આવ્યા હતા. એ પછી બે જ સપ્તાહમાં આ ઉત્સાહી યુવાન દ્વારા બે ફિલ્મોનું નિર્માણ કરવામાં આવ્યું છે. બંને ફિલ્મોની કથા સાબિર મલેકની છે અને દિગ્દર્શન પણ તેમણે જ સંભાળ્યું છે.

પ્રથમ ફિલ્મનું નામ છે 'ધ સોલ.' શરીર નશ્વર છે, તે નષ્ટ થાય છે, પરંતુ આત્મા અમર રહે છે એવો સંદેશ આ ફિલ્મના માધ્યમથી આપવામાં આવ્યો છે. સાબિર મલેક ઉપરાંત કુંતલ નિમાવત દ્વારા આ શૉર્ટ ફિલ્મમાં અભિનય આપવામાં આવ્યો છે. કૅમેરાવર્ક અને ઍડિટીંગ પર્વ નિમાવત દ્વારા કરવામાં આવ્યું છે.

બીજી ફિલ્મનું નામ છે 'રિસ્પેક્ટ', જેમાં રાષ્ટ્રધ્વજને માન આપવાની નાનકડી વાત ખૂબ સુંદર રીતે વણી લેવામાં આવી છે. આપણે જાણીએ છીએ કે આપણે રાષ્ટ્રધ્વજને માન આપવાનું છે, આપણને તે ગમે પણ છે, પરંતુ તેમ છતાં આપણે જાણ્યે-અજાણ્યે રાષ્ટ્રધ્વજને માન આપવાનું ચૂકી જઈએ છીએ, એ તરફ આપણું ધ્યાન જ નથી જતું. એવી વાત અસરકારક રીતે આ ફિલ્મમાં રજૂ કરવામાં આવી છે.

પ્રતીક હિરપરા, કરણ રાજવીર, દિશાન્ત સોની, બંસી, શ્રદ્ધા, સાબિર મલેક અને બાળ કલાકાર મોઝામ મલેક દ્વારા આ ફિલ્મમાં પોતાનો અભિનય આપવામાં આવ્યો છે.

બંને ફિલ્મો યુટ્યુબ પર મૂકવામાં આવી છે. 'ફ્રી ફૉલ ઍન્ટરટેઈનમેન્ટ' ચૅનલ પર આ બંને ફિલ્મો જોઈ શકાય છે.

### ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને શબ્દયાત્રાના ઉપક્રમે

# આજે અમદાવાદ શહેરમાં કવયિત્રી સંમેલનનું આયોજન

**ઉષા ઉપાધ્યાય, લતા હિરાણી, દક્ષા પટેલ, રક્ષા શુક્લ, છાયા ત્રિવેદી, ઈશિતા દવે, રાધિકા પટેલ, પારુલ બારોટ, જિજ્ઞા મહેતા, ગોપાલી બુચ દ્વારા સ્વરચિત કાવ્યપાઠ કરાશે**

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને શબ્દયાત્રાના ઉપક્રમે કવયિત્રી સંમેલનનું આયોજન અમદાવાદ ખાતે કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર ડૉ. અજયસિંહ ચૌહાણ અને સ્થાનિક સંયોજક મનીષ પાઠક દ્વારા જણાવવામાં આવ્યું છે કે તારીખ ૩૧ માર્ચ ને શનિવારે સાંજે ૫.૩૦ કલાકે આત્મા હૉલ (અમદાવાદ ટૅક્ષટાઈલ મિલ્સ ઍસોસિએશન), સિટી ગોલ્ડ સિનેમા સામે, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે કવયિત્રી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. સંમેલનનું ઉદ્ઘાટન ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા દ્વારા કરવામાં આવશે અને ઉષા ઉપાધ્યાય, લતા હિરાણી, દક્ષા પટેલ, રક્ષા શુક્લ, છાયા ત્રિવેદી, ઈશિતા દવે, રાધિકા પટેલ, પારુલ બારોટ, જિજ્ઞા મહેતા, ગોપાલી બુચ દ્વારા સ્વરચિત કાવ્યપાઠ કરવામાં આવશે. કાર્યક્રમનું સંચાલન લતા હિરાણી દ્વારા કરવામાં આવશે.

# સીબીએસઈ દ્વારા હવે પાઠ્યપુસ્તકોમાં ક્યુઆર કોડ

**જે વિદ્યાર્થીઓએ શિક્ષણ માટેની લોન લીધી હોય તેમને કોર્ષના સમય ઉપરાંત એક વર્ષ માટે વ્યાજની ચૂકવણી નહિ કરવી પડે**

ગાંધીનગર, તા. ૩૦

સીબીએસઈ પેપર્સ લીકસથી સફાળી જાગેલી સરકાર હવે એનસીઈઆરટી દ્વારા પ્રકાશિત ટેક્સ્ટબુક્સમાં ફેરફાર કરવા જઈ રહી છે. હવેથી આ ટેક્સ્ટબુક્સમાં ક્યૂઆર કોડ્સ નાંખવામાં આવશે. આનાથી વિષયોને સારી રીતે સમજી શકવામાં વિદ્યાર્થીઓને મદદરૂપ થવા માટે ફિલ્મો અથવા સંબંધિત રીડિંગ કન્ટેન્ટને વેબ લિંક્સ પૂરા પાડશે તેમ કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રી પ્રકાશ જાવડેકરે જણાવ્યું હતું. પ્રકાશ જાવડેકરે સીબીએસઈ પરીક્ષા પેપર લીકસને 'કમનસીબ' ગણાવી હતી અને આ મામલે તત્કાળ ધરપકડનું વચન આપ્યું છે. મંત્રીએ જણાવ્યું હતું કે 'આ એક અત્યંત કમનસીબ બાબત છે.' ક્વિક રિસ્પોન્સ (ક્યૂઆર) કોડ એ મશીન-રીડેબલ કોડ છે. જેમાં બ્લેક અને વ્હાઈટ ચોરસના એક પ્રતીકોને આવરી લેવાયાં છે. જે વેબ લિંક્સ હોય છે અને સ્માર્ટફોન્સ કેમેરા દ્વારા વાંચી શકાય છે.

જાવડેકરે જાહેરાત કરી હતી કે જે વિદ્યાર્થીઓએ શિક્ષણ માટેની લોન લીધી હોય તેમને કોર્ષના સમય વત્તા એક વર્ષ માટે વ્યાજની ચુકવણી નહિ કરવી પડે. આ લોન પર વ્યાજનો બોજ વહન કરવા માટે સરકારે ૧૬,૬૦૦ કરોડની જોગવાઈ કરી છે. ૨૦૧૭-૧૮થી ૨૦૧૯-૨૦માં આશરે ૧૦ લાખ વિદ્યાર્થીઓને આ લાભ મળશે.

# કેમ્પ હનુમાનજી મંદિરમાં ૪૫૦ કિલોના લાડુનો પ્રસાદ

**૪૫૦ વર્ષ પુરાણી પરંપરા મુજબ અમદાવાદ શહેરમાં હનુમાન જયંતિના એક દિવસ પૂર્વે ભવ્ય શોભાયાત્રાનું આયોજન થયું**

ગાંધીનગર, તા. ૩૦

શ્રીહનુમાનજી મંદિર કેમ્પ, અમદાવાદ દ્વારા પરંપરા મુજબ હનુમાન જયંતીનાં એક દિવસે પૂર્વે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવે છે, તે મુજબ આ વર્ષે તા.૩૦મી માર્ચે શોભાયાત્રા નીકળી હતી. હનુમાનયાત્રા સવારે ૮ વાગ્યે શ્રીકેમ્પ હનુમાન મંદિર, શાહીબાગથી નીકળી સુભાષબ્રિજ, આશ્રમ રોડ, પાલડી , વાસણાનાં શ્રીવાયુ દેવનાં મંદિર થઈ પુનઃ ધરણીધર, વિજય ચાર રસ્તા, નવરંગ સ્કૂલ, ઉસ્માનપુરા, જૂના વાડજ થઈ નિજ મંદિરે પરત ફરી હતી. શોભાયાત્રાની ખાસ વિશિષ્ટતામાં ગિનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ ધરાવતાં સુપર વુમન રાણીબેન દ્વારા ટ્રક ખેંચવાનું નિદર્શન કરાયું હતું. અંદાજે સાંજે ૪ વાગ્યાની આસપાસ સ્વામિનારાયણ મંદિર, વાસણાથી વાયુદેવ મંદિર, વાસણા સુધી આ નજારો જોવા મળ્યો હતો. સાથે જ આ વર્ષે ખાસ દક્ષિણ ભારત ખાતે ઉજવાતા થૈયમ થીમના પાત્રોને લાવવામાં આવ્યા હતા, જેમાં શિવજીના સંપૂર્ણ પરિવારનો સમાવેશ કરાયો હતો. શોભાયાત્રામાં પ્રસાદીરૂપે ૨૫૦૦ કિલો બુંદી, ૨૦,૦૦૦ કેળા, ૫૦૦ કિલો ચણા, ૨૦૦ કિલો ચોકલેટ વહેંચાઈ હતી. જ્યારે શોભાયાત્રામાં ૨૫થી વધુ ટ્રક અને ટુ-વ્હીલર, ફોર વ્હીલર સાથે યાત્રાળુઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. જ્યારે ચૈત્ર સુદ પૂર્ણિમા-હનુમાન જયંતી તા.૩૧મી માર્ચે રામભકત હનુમાનજીનો જન્મોત્સવ નિમિત્તે શ્રીકેમ્પ હનુમાનજી મંદિરમાં ૪૫૦ કિલોના લાડુનો પ્રસાદ ધરવામાં આવશે. સાથે જ સુંદરકાંડ સવારે ૭થી યોજાશે. જ્યારે શુક્રવારે હાટકેશ્વર મહાદેવ, જેઠાભાઈની પોળથી ભગવાન હાટકેશની શોભાયાત્રા સાંજે ૬.૩૦ વાગ્યે યોજાઈ હતી. ઉલ્લેખનીય છે કે અમદાવાદ શહેરમાં ૪૫૦ વર્ષથી શહેરમાં ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવે છે.

શુક્રવારે જ સવારે ૭ વાગ્યે શ્રીબાલા મુરુગન દેવસ્થાનમ્ ટ્રસ્ટ દ્વારા પંગુની ઉત્થિરમ મહોત્સવનાં ભાગરૂપે શ્રીબાલા મુરુગન(કાર્તિક સ્વામી)ના રથ સાથે બાલા મુરુગન મંદિરથી કાવડ યાત્રાનું પ્રસ્થાન પણ થયું હતું, જેમાં, ૪૦૧થી વધુ કાવડ યાત્રીઓ કાવડ લઈને દૂધના કુંભ સાથે યાત્રામાં જોડાયા હતા. આ યાત્રા સ્થાનિક વિસ્તારમાં ફરીને ખોખરા સર્કલ પર ફરીને પુનઃ બપોરે નિજ મંદિરે પરત આવી હતી, જેમાં દક્ષિણ ભારતીયો મોટી સંખ્યામાં જોડાયા હતા.

### નૅશનલ કાઉન્સિલ ઑફ ટીચર્સ ઍજ્યુકેશન દ્વારા સ્પષ્ટતા

# બીએડના કોર્સની સમયમર્યાદા બે વર્ષની જ રાખવામાં આવશે

**૪ વર્ષના ઈન્ટીગ્રેટેડ કોર્સને બંધ કરવાની પણ કોઈ યોજના નથી તેવી સ્પષ્ટતા પણ કરાઈ**

ગાંધીનગર, તા. ૩૦

બી.એડ. એટલે કે બેચરલ ઓફ એજ્યુકેશનનો કોર્સ બે વર્ષનો કરવાના કારણે છેલ્લા કેટલાય સમયથી બી.એડ. કોલેજના સંચાલકોમાં ભારે આક્રોશ ઊભો થયો છે. બી.એડ.નો કોર્સ ફરીવાર એક વર્ષનો થાય તે માટે કેટલાય સમયથી જુદા જુદા સ્તરે સંચાલકો દ્વારા રજૂઆતો પણ કરાઈ હતી. પરંતુ તાજેતરમાં એનસીટીઈની ૪૮મી બેઠકમાં બી.એડ.નો બે વર્ષનો કોર્સ એક વર્ષનો કરવાની કોઈ યોજના ન હોવાની સ્પષ્ટતા કરવામાં આવી હતી.

નેશનલ કાઉન્સિલ ઓફ ટિચર્સ એજ્યુકેશન (એનસીટીઈ)ની ૪૮મી વાર્ષિક બેઠક તાજેતરમાં મળી હતી. આ બેઠકમાં કેટલાક મહત્વના નિર્ણયો લેવાયા હતા. બી.એડ.નો એક વર્ષનો કોર્સ છેલ્લા કેટલાય વર્ષથી બે વર્ષનો કરી દેવાયા છે. જ્યારે આ કોર્સને બે વર્ષનો કરવાની જાહેરાત કરવામાં આવી ત્યારે શરૂઆતમાં તમામ કોલેજ સંચાલકોએ ઉગ્ર વિરોધ કર્યો હતો. બે વર્ષના કોર્સના કારણે અનેક બી.એડ. કોલેજોને વિદ્યાર્થીઓ ન મળે તેવી સ્થિતિ પણ ઊભી થઈ હતી. પરંતુ એનસીટીઈ સમક્ષ યોગ્ય રજૂઆત ન થવાના કારણે આ અંગે કોઈ નિર્ણય કરી શકાયો ન હતો. એનસીટીઈની વાર્ષિક બેઠકમાં બી.એડનો બે વર્ષનો કોર્સ બંધ કરવાની કોઈ શક્યતા નથી તેવી ખાતરી પણ કાઉન્સિલના ચેરમેન દ્વારા આપવામાં આવી હતી. આ ઉપરાંત ૪ વર્ષનો ઈન્ટીગ્રેટેડ કોર્સ એટલે કે બીએસસી -બી.એડ, બી.એ.-બી.એડ અને સીટીઈનો કોર્સને બંધ કરવાની પણ કોઈ યોજના નથી તેવી પણ સ્પષ્ટતા બેઠકમાં કરવામાં આવી હતી. આમ, બી.એડનો કોર્સ હવે બે વર્ષનો જ રહેશે તે સ્પષ્ટ થઈ ચુક્યું છે.

ગુજરાતમાં આઈઆઈટીઈ સહિત ચાર રિજિયોનલ કોલેજમાં ચાર વર્ષના ઈન્ટીગ્રેટેડ કોર્સ ચલાવવામાં આવે છે. હાલમાં આ કોર્સને અપગ્રેડ અને ડેવલપ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આગામી દિવસોમાં આઈઆઈટીઈ ઉપરાંત દિલ્હીની નીપા, એનસીઆરટીઈ અને રિજિયોનલ કોલેજોની ઉપસ્થિતિમાં આ કોર્સને અંતિમ સ્વરૂપ આપવાની કામગીરી કરવામા આવશે.

# સંકટ કટૈ મિટૈ સબ પીડા, જો સુમિરે હનુમંત બલવીરા

ભક્તિના મુખ્ય નવ પ્રકાર છે : શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, હાસ્ય, સખા અને આત્મનિવેદન, જેને નવધા ભક્તિ કહેવાય છે. સમગ્ર વિશ્વમાં એક જ ભકત છે જેમણે શ્રી રામચંદ્ર ભગવાનની આ નવેનવ પ્રકારની ભક્તિ અવિરત નિઃસ્વાર્થ ભાવે કરી હોય. એ પરમભક્તનું નામ છે શ્રી હનુમાનજી.

આપણે ત્યાં જે સાત ચિરંજીવી મનાય છે તેમાં વેદવ્યાસજી, અશ્વત્થામા, કૃપાચાર્ય, પરશુરામ, બલિરાજા, વિભિષણ અને હનુમાનજીનો સમાવેશ થાય છે. જેમાં હનુમાનજી તો ચારેય યુગમાં હયાત છે : ચારો જુગ પરતાપ તુમ્હારા. સતયુગમાં રૂદ્ર સ્વરૂપે, ત્રેતામાં શ્રીરામ સાથે, દ્વાપરમાં કપિધ્વજ (અર્જુનના રથ ઉપર) સ્વરૂપે અને કળિયુગમાં જ્યાં જ્યાં શ્રીરામ કથા હોય ત્યાં શ્રોતા સ્વરૂપમાં હાજરા હજૂર હોય છે.

એક દંતકથા મુજબ સ્વર્ગની અપ્સરા પુંજીકસ્થલીને મળેલા શાપથી તે કુંજરકપિને ત્યાં વાનરી બની જેનું નામ પડ્યું : અંજના (અંજની). અંજનાનાં લગ્ન કેસરી વાનર સાથે થયાં, જેમને ત્યાં પુત્રરત્નનો જન્મ થયો તે જ આપણા સૌના શ્રી હનુમાનજી. પુત્રનાં લક્ષણ પારણામાંથી એ મુજબ તેઓ ભૂખ લાગતાં ઊગતા સૂર્યને ફળ માની લેવા ઊડે છે. પછી શું શું થાય છે એ આખી સમગ્ર કથાવાર્તા આબાલવૃદ્ધ જાણે છે.

હનુમાનજી વીર છે, મહાવીર છે, બળવાન છે, જ્યોતિષી છે, વ્યાકરણી છે. માતૃભક્ત, પિતૃભક્ત, રામભક્ત છે. સુગ્રીવના મંત્રી હતા. વિભિષણના હિતેચ્છુ ચાહક હતા, તુમ મમ પ્રિય ભરત સમ ભાઈ - જોતાં શ્રી રામચંદ્ર માટે ભરત સમકક્ષ ભાઈ હતા, સીતામૈયા માટે માનીતા પુત્ર હતા, યુદ્ધમાં એ પ્રખર લડવૈયા હતા, ઔષધિ લેવા ગયા ત્યારે લક્ષ્મણજીના તારણહાર હતા, બાળબ્રહ્મચારી હતા, રામદૂત હતા, ગદાધારી સાથે પરમ ભક્ત અને સંત પરમ હિતકારી હતા અને આજે પણ છે.



## પ્રસંગસર

પી. એમ. પરમાર

ભારતમાં એવું એકપણ ગામ નહિ હોય કે જ્યાં શ્રી હનુમાનજીની એકાદ નાની શી દેરી ના હોય અને એવું એક પણ હિન્દુ મંદિર નહિ હોય જ્યાં ડાબી બાજુ શ્રીગણેશજી અને જમણી બાજુ શ્રી હનુમાનજીની મૂર્તિ સ્થાપિત ના હોય ! સાળંગપુરના હનુમાનજી, કેમ્પના હનુમાન, ડભોડાના હનુમાન અને વાાસણિયા મહાદેવ સામે એકાવન ફૂટના હનુમાનજી સાર્વત્રિક પ્રખ્યાત છે અને સૌ કોઈના માનીતા છે.

શનિવાર એમનો પ્રિય વાર ગણાય છે. આયુર્વેદની દષ્ટિએ ખૂબ જ ગુણકારી એવા આંકડાનાં પુષ્પોનો હાર, ચપટીક સિંદૂર અને તેલ ચડાવો એટલે જગતના આ દાદા રાજીરાજી. સુંદરકાંડનો પાઠ કરીએ તો અપાર શાંતિ મળે અને સાહસ, પરાક્રમ કરવાની અદ્‌ભૂત પ્રેરણા મળે. સમગ્ર રામાયણ કથા વાચન, શ્રવણથી બળ, કળ, ધગળ, સંપ, સ્નેહ, સેવા, સ્વાશ્રય, સાહસ, પરાક્રમ, શ્રદ્ધા, ચતુરાઈ, ચપળતા, પરાક્રમ, પુરુષાર્થ, ધીરજ, મિત્રતા, પ્રામાણિકતા જેવા અનેક સદ્‌ગુણોનો પરિચય સૌને થઈ જ જાય છે, જે બધા ગુણો માણસને માણસ બનાવવા પર્યાપ્ત છે. રામાયણ, સુંદરકાંડ, હનુમાનચાલીસા, હનુમાનઅષ્ટક, શ્રી બજરંગબાણ, હનુમાનજી સહસ્ત્ર નામ, હનુમાન જ્યોતિષ અને હનુમાનજીની આરતી - સૌ ભક્તિ માટે પ્રેરણાદાયી છે.

શ્રી હનુમાનજીની કૃપા માટે હનુમાનચાલીસા સૌથી સહેલો અને શ્રેષ્ઠ ઉપાય છે. રામચરિત માનસની રચના શ્રી તુલસીદાસજીએ કરી. અયોધ્યાકાંડની શરૂઆત જે સૌપ્રથમ દોહાથી થાય છે એ જ દોહો હનુમાનચાલીસાનો પણ પ્રથમ દોહો છે. તુલસીદાસ હરિ ચેરા, કીજે નાથ હૃદયમહં ડેરા - આ ચોપાઈ પણ સાક્ષી પૂરે છે કે શ્રી હનુમાનચાલીસાની રચના સ્વયં શ્રી વાલ્મિકિજીના અવતાર એવા શ્રી તુલસીદાસજીએ જ કરી છે. આથી આ હનુમાનચાલીસા છેલ્લાં પાંચસો વરસથી લોકમુખે ગવાતી આવી છે અને આજે પણ ગવાય છે અને ભવિષ્યમાં પણ ગવાતી રહેશે.

હનુમાનચાલીસામાં બે દોહા છે. કુલ ચાલીસ ચોપાઈઓ છે. આ ચાલીસામાં હનુમાનજીનાં કુલ ૧૦૮ નામ છે. રામ શબ્દ કુલ દસ વખત આવે છે. કુલ ૪૧૮ શબ્દો છે અને ૧૦૪૧ અક્ષરો છે. અંજની, પવનદેવ, શંકર, મહાવીર, વિક્રમ, ભગવાન, પાર્વતીજી, કેસરીજી, લક્ષ્મણ, સીતામૈયા, ભીમ, ભરતજી, શ્રીપતિ, સનક, બ્રહ્માજી, કુબેર, નારદજી, મા સરસ્વતીજી, તુલસીદાસ જેવા પ્રતિભાશાળી વિશેષ નામોનો ઉલ્લેખ યથોચિત કરવામાં આવ્યો છે. હનુમાનચાલીસાની એક એક ચોપાઈ સિદ્ધમંત્ર જેવી છે... હોય સિદ્ધિ સાખી ગૌરીસા... ગૌરીસા એટલે ખુદ શિવ ભગવાને સાક્ષી રહી ખાતરી આપી છે. ઉપરાંત 'જો પઢે યહ હનુમાનચાલીસા'નો એકદમ ચોખ્ખો અર્થ એ થાય છે કે સ્ત્રી, પુરુષ, બાળક સૌ કોઈ-કોઈપણ જાતના જ્ઞાતિભેદ વગર હનુમાનચાલીસા વાંચી શકે છે, ગાઈ શકે છે. માટે કોઈ શંકાને સ્થાન રહેતું જ નથી. મન જેવા વેગવાળા, પવન જેવી ગતિવાળા, જિતેન્દ્રિય, બુદ્ધિમાનોમાં સર્વશ્રેષ્ઠ, વાયુદેવના પુત્ર, વાનરજૂથના વડા એવા શ્રી રામચંદ્ર ભગવાનના પરમદૂત એવા આપશ્રીના શરણમાં હું આશ્રય લઉં છું.